GJGS020000032026

દાવો રજૂ કર્યા તારીખ : ૦૧/૦૧/૨૦૨૬
દાવો રજી. કર્યા તારીખ : ૦૧/૦૧/૨૦૨૬
દાવો ફેસલ કર્યા તારીખ : ૦૮/૦૪/૨૦૨૬
સમગગાળો : ૦૦–વર્ષ, ૦૩–માસ, ૦૭–દિવસ

==========================================

**વેરાવળના પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ સાહેબની કોર્ટમાં,**
**મુ. વેરાવળ, જિ. ગીર–સોમનાથ.**

==========================================

**રે. દિ. મુ. નં.૦૩/૨૦૨૬**
**આંક :–**

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
તે ગુજરાત વિદ્યુત બોર્ડ, વૈધાનિક સંસ્થાની
સકસેસર કંપની, પ્ર.પાટણ સબ ડીવીઝનના
નાયબ ઈજનેરશ્રી મારફત, મુ.પ્ર.પાટણ,
તા.વેરાવળ, જી. ગીર સોમનાથ.
મો.નં. ૯૮૭૯૨૦૨૧૬૬ **.... વાદી**

**–:: વિરૂધ્ધ ::–**

જાદવભાઈ કરશનભાઈ રામ,
ઉ.વ.આ. ૪૬, ધંધો : ખેતી,
રહે.ગોવિંદપરા, તા.વેરાવળ. **.... પ્રતિવાદી**

**દાવો :– સી.પી.સી. કલમ–૨૬ મુજબ લેજર મુજબનો વાદી કંપનીની**
**લેણી રકમ રૂ.૧૪,૪૪૬.૯૪/– પૈસા વસુલ મળવા બાબત....**
**આંક– રૂ.૧૪,૪૪૬.૯૪ કોર્ટ ફી :– ૧૨૫૦/–**

----------------------------------------

| | |
|---|---|
| વાદી તરફે | : વિ.વકીલશ્રી કે.એમ.અભાણી |
| પ્રતિવાદી તરફે | : એક તરફી |

----------------------------------------

**-:: ઠરાવ ::-**

(૧) આ કામે વાદીના દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામની વાદી કંપની ઈલેક્ટ્રીસીટી ઇન્ડ્રસ્ટ્રી રિઓર્ગેનાઈઝેશન એન્ડ કોમ્પરીહેન્સીવ ટ્રાન્સફર સ્કીમ ૨૦૦૩ મુજબ ગર્વમેન્ટ ઓફ ગુજરાતના આદેશ પ્રમાણે એનેક્ષર-એ મુજબ અસ્તિત્વમાં આવેલ કંપની છે અને આ કામની વાદી કંપનીએ જુના ગુજરાત વિદ્યુત બોર્ડની તમામ મિલકત જવાબદારી લેણુ હકક હિત સભાળી લીધેલ છે. અને તે ટ્રાન્સફર સ્કીમ મુજબ સીડયુલ-એફ મા જણાવેલ વિગતો મુજબ ગુજરાત વિદ્યુત બોડની સકસેસર કંપની તરીકે હકક હિત જવાબદારીઓ ધરાવતી કંપની છે. સદરહુ કંપની "ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ" હેઠળ અસ્તિત્વમાં આવેલ કંપની છે. જેની કોરપોરેટ ઓફીસ રાજકોટ મુકામે આવેલ છે અને તેના કાર્યક્ષેત્રા અધિકાર હેઠળ પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ વિભાગીય કચેરી વેરાવળ મુકામે આવેલ છે.વિભાગીય કચેરી વેરાવળ હેઠળ પ્ર.પાટણ સબડીવીઝન આવેલ છે, જેનુ સંચાલન નાયબ ઈજનેર મારફત થાય છે. અને સબ ડીવીઝનના નાયબ ઈજનેર એ પ્રિન્સીપાલ ઓફીસર કહેવાય છે અને કંપનીના નિતિ નિયમો મુજબ નાયબ ઈજનેરને દાવા અરજીમાં સહી કરવા એકરાર કરવા સૌગંદનામુ કરવા જુબાની આપવા ત્યા તેને અનુસંગિક તમામ કાર્યવાહીઓ કરવા કાયદેસરના અધિકારો આપવામા આવેલા છે, હાલનો દાવો દાખલ કરતા પહેલા નિયમો મુજબ એપ્રુવલ આપવામાં આવેલ છે જેની નકલ આ સાથે સામેલ છે. આ કામના પ્રતિવાદી વેરાવળ તાલુકાના ગોવિંદપરા ગામે રહે છે અને તાલાલા રોડ ગોવિંદપરા મુકામે પેટ્રોપંપ ધરાવે છે. આ પેટ્રોલપંપના ધંધાના હેતુ માટે વાદી કંપની પાસેથી જે તે વખતે વિજ કનેકશન ૨૦૧૩ ની સાલમાં મેળવેલ હતુ. પ્રતિવાદીનો ગ્રાહક નં.૮૧૨૧૫/૦૧૫૬૪ /૦ સી.એલ. છે. આ કનેકશન મેળવતી વખતે તેઓએ સીક્યોરીટી ડિપોઝીટના રૂા.૧૦,૬૫૦/- જમા કરાવેલ હતા. વાદી કંપનીના લેજર ઉપર પ્રતિવાદીના નામનું ખાતુ ખોલવામાં આવેલ છે. પ્રતિવાદીને દર માસે વિજ વપરાશના બીલો નિયમીત રીતે આપવામાં આવેલ છે. પ્રતિવાદીએ ડીસે-૨૩ થી બીલો ભરપાઈ કરવાનું બંધ કરેલ છે. જેથી સપ્ટેમ્બર-૨૦૨૫ ના અંતે પ્રતિ. પાસે રૂા.૨૧,૭૪૧-૯૯ પૈસા ચડત લેણા થયેલ છે અને પ્રતિવાદીનું વિજ જોડાણ તા.૧૭/૩/૨૪ થી કાંપી નાંખવામાં આવેલ છે.

પ્રતિવાદી તેનુ સદરહું વિજ કનેકશન ફરી ચાલુ કરાવવા માટે તા.૧/૪/૨૫ ના રોજ વાદી કંપની તરફથી ૩૪૫ ની નોટીસ પણ આપવામાં આવેલ છે તેમ છતા પ્રતિવાદીએ રકમ ભરપાઈ કરેલ નથી કે કનેક્શન ચાલુ કરાવેલ નથી. પ્રતિવાદીને દાવો કરતા પહેલા વકીલ મારફત નોટીસ પણ આપવામાં આવેલ છે. હાલનો દાવો મુદતમાં છે.

**(૧.૧)** વાદી કંપનીના નિતિનિયમો મુજબ ૧૫% ડીલે પેમેન્ટ ચાર્જીસ ડીસેમ્બર–૨૦૨૫ સુધીનું માંગવામાં આવેલ છે. જે ભરપાઈ કરવાની પ્રતિવાદીની કાયદેસરની ફરજ અને જવાબદારી છે. પ્રતિવાદી દાવાવાળી રોકાતી રકમ ઉપર કંપનીના નિયમો મુજબ ડી.પી.સી.ની રકમ અથવા બેંકના પ્રવર્તમાન નિતિ નિયમો મુજબ વ્યાજની રકમ વસુલ આપવા કાયદેસર જવાબદાર છે. તા.૦૧/૦૪/૨૦૨૧ ના સર્કયુલર મુજબ ૧૫% વ્યાજ ની રકમ મેળવવા વાદી કંપનીને અધિકાર છે તેનો નિયમની ઝેરોક્ષ નકલ આ સાથે સામેલ છે.

માંગણાની વિગત :-

પ્રતિવાદી પાસે વાદી કંપનીનુ નીચે મુજબનુ લેણુ છે.

| | |
|---|---|
| | રૂ. ૨૧,૭૪૧–૯૯ પૈસા લેજર મુજબ મુદ્દલ લેણા.. |
| બાદ | રૂ. ૧૦,૬૫૦–૦૦ પૈસા પ્રતિવાદીની સીકયોરીટી ડીપોઝીટના જમા |
| | રૂ. ૧૧,૦૯૧–૯૯ પૈસા |
| વતાઃ– | રૂ. ૩,૩૫૪–૯૫ પૈસા ડી.પી.સી. ડીસે–૨૫ સુધીના. |
| | ---------- |
| | રૂ. ૧૪,૪૪૬–૯૪ પૈસા બાકી લેણા/વસુલ લેવા પાત્ર રકમ. |

ઉપર મુજબની લેણી નીકળતી રકમ વસુલ આપી જવા માટે પ્રતિવાદીને વાદી કંપનીના વકીલ તરફથી તા.૨૫–૬–૨૦૨૫ ના રોજ નોટીસ આપવામાં આવેલ છે. તેમ છતા પ્રતિવાદીએ વાદી કંપનીનુ લેશુ ભરપાઈ કરવા કે વસુલ આપવા કોઈ કાળજી કે દરકાર બતાવેલ નથી જેથી પ્રતિવાદીસામે હાલનો આ દાવો લાવવાની ફરજ પડેલ છે. દાવાવાળો સઘળો વ્યવહાર નામ. કોર્ટની હકુમતવાળા વિસ્તારમાં પ્ર.પાટણ તથા ગોવિંદપરા મુકામે થયેલ છે. પ્રતિવાદીને તેમની માંગણી મુજબનું કોમર્શીયો વપરાશના હેતુનું વિજ જોડાણ ગોવિંદપરા મુકામે આપવામાં આવેલ છે. પ્રતિવાદીને વિજ વપરાશના બીલો ગોવિંદપરા મુકામે આપવામાં આવેલ છે, પ્રતિવાદી દાવાવાળી રકમ વાદી કંપનીને પ્ર.પાટણ મુકામે વસુલ આપવાને જવાબદાર હોય આ દાવો ચલાવવા તથા સાંભળવા નામદાર અદાલતને

હકુમત તથા અધિકાર છે. આ દાવાનું કારણ પ્રતિવાદીને આપવામા આવેલ દર માસના બીલોની તારીખ અને ત્યારબાદ પ્રતિવાદીએ બીલો પેટે જાન્યુઆરી–૨૦૨૪ માં રૂા.૭૫૦૦/– જમા કરતા તે અરસામાં અને ત્યારબાદ પ્રતિવાદીને કનેકશન ચાલુ કરાવવા માટેની ૩૪૫ ની નોટીસ તા.૦૧/૦૪/૨૦૨૫ ના રોજ આપતા તે અરસામાં અને આખરી પ્રતિવાદીને આપવામાં આવેલ તા.૨૫/૦૬/૨૦૨૫ ની નોટીસના અરસામાં નામદાર અદાલતની હકુમતમાં ઉત્પન્ન થયેલ છે અને તેથી દાવો ચલાવવા તથા સાંભળવા અધિકાર છે. ઉપરની સમગ્ર હકીકતોએ આ દાવો લાવી દાદ માગેલ છે કે, (૧) પ્રતિવાદી દાવાવાળી રકમ રૂા.૧૪,૪૪૬.૯૪ પૈસા તા.૦૧/૦૧/૨૦૨૬ થી સદરહુ રકમ વસુલ થતા સુધી ટકા ૧૫ લેખે ડીલે પેમેન્ટ ચાર્જીસ અથવા બેન્કના પ્રવર્તમાન નીતીનિયમો મુજબ વ્યાજની થતી રકમ તથા આ દાવાના તમામ અદાલતી ખર્ચ સહીત પ્રતિવાદીની તમામ પ્રકારની સ્થાવર જંગમ મિલકત ઉપરથી તેમજ તેમની જાત ઉપરથી વાદી કંપનીને વસુલ આપે તેવુ હુકમનામુ વાદી કંપનીની તરફેણમાં કરી આપવા તેમજ (૨) તે સીવાય કાયદા અને પુરાવાના આધારે બીજી મળતી અને અપાવી શકાતી તમામ દાદ અપાવવા અરજ કરેલ.

**(૨)** આ દાવાના કામે પ્રતિવાદીને દાવાના સમન્સની બજવણી કરવામાં આવતાં પ્રતિવાદીને અદાલત સમક્ષ હાજર રહેવા કરેલ સમન્સ બજી જવા છતાં પ્રતિવાદી જાતે કે તેમના તરફે કોઈ હાજર રહેલ ન હોય કે કોઈ રજૂઆત કરેલ નથી જેથી આ કામે અત્રેની અદાલત ધ્વારા આંક–૦૧ લગત હુકમ કરી પ્રતિવાદી વિરૂધ્ધ હાલનો દાવો એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

**(૩)** આ દાવાના કામે પક્ષકારોના પક્ષ નિવેદન ધ્યાને લઈ અત્રેની અદાલત દ્વારા આ દાવાના આખરી નિર્ણય માટે આંક–૦૬ થી નીચે મુજબના મુદ્દાઓ ઘડેલા છે.

**–:: મુદ્દાઓ ::–**

(૧) શું વાદી પુરવાર કરે છે કે, તેઓની પ્રતિવાદીઓ પાસેથી રૂા.૧૪,૪૪૬.૯૪/– લેણી રકમ બાકી નીકળે છે ?

(૨) શું વાદી એ પુરવાર કરે છે કે, તેઓ પ્રતિવાદીઓ પાસેથી કુલ રૂા.૧૪,૪૪૬.૯૪/– પુરા તેમજ વ્યાજ ૧૫ ટકા મુજબ ચડત

વ્યાજ સુધી વસુલ મેળવવા હકકદાર છે ?

(૩) શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

(૪) શું હુકમ અને હુકમનામું ?

**(૪)** ઉપરોકત મુદ્દાઓ પરના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) "હકારમાં",
(૨) "અંશતઃ હકારમાં, ૬% લેખે",
(૩) "અંશતઃ હકારમાં",
(૪) આખરી હુકમ મુજબ.

**(૫)** આ કામે વાદી તરફે પોતાના દાવાના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ છે.

**(અ) મૌખિક પુરાવો ::–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | સાહેદ–નિલેશકુમાર પંકજભાઇ વાઢેરનું સરતપાસનું સોગંદનામુ | ૦૭ |

**(બ) દસ્તાવેજી પુરાવો ::–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | કંપનીના લેજર પરની નકલ | ૦૯ |
| ૨. | ડી.પી.સી. ગણતરી પત્રકની નકલ | ૧૦ |
| ૩. | પ્રતિવાદીને આપેલ નોટીસની સ્થળપ્રત | ૧૧ |
| ૪. | પરત આવેલ કવર | ૧૨ |
| ૫. | ગેટ પાસ | ૧૩ |
| ૬. | સ્થળ રોજકામ | ૧૪ |
| ૭. | પ્રતિવાદીને આપેલ ૩૪પ ની નોટીસની સ્થળપ્રત | ૧૫ |
| ૮. | ઓફીસ ઓર્ડર | ૧૬ |

| | | |
|---|---|---|
| ૯. | ડી.પી.સી. સરકર્યુલરની નકલ | ૧૭ |

ત્યારબાદ વાદી તરફે આંક–૧૮ થી કલોઝીંગ પુરસીસ રજૂ કરી પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.

**(૬)** પ્રતિવાદી વિરૂધ્ધ હાલનો દાવો એકતરફી ચલાવવામાં આવેલ હોય, વાદીના વિ. વ. શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

**–:: કારણો ::–**

**મુદ્દા નં. ૧ થી ૪ ની સંયુકત ચર્ચા ::–**

આ કામે મુદ્દા નં. ૧ થી ૪ એકબીજા સાથે સંકળાયેલા હોય જેથી પુનરાવર્તન ટાળવાના હેતુસર તમામ મુદ્દાઓની ચર્ચા સંયુકત કરવામાં આવેલ છે.

**(૭)** આ કામે વાદી કંપની તરફે પોતાના દાવાના સમર્થનમાં વાદી કંપનીના સાહેદ–નિલેશકુમાર પંકજભાઇ વાઢેરનું આંક–૦૭ થી સરતપાસનું સોગંદનામું રજૂ કરેલ છે. જેમાં તેઓએ દાવા અરજી મુજબ અક્ષરશ: હકીકત જણાવેલ હોય તેથી તેનું પુનરાવર્તન કરવાની જરૂર જણાતી નથી. વાદી સાહેદે તેના મૌખિક પુરાવાના સમર્થનમાં આંક–૦૯ થી ૧૭ સુધીના દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે. વાદી સાહેદે આપેલ ઉપરોકત પુરાવાને પ્રતિવાદી ધ્ધારા ચેલેન્જ કરવામાં આવેલ નથી કે વાદી સાહેદે આપેલ પુરાવા વિરૂધ્ધ અનુમાન કરી શકાય તેવો કોઇપણ પુરાવો રજૂ કરેલ નથી. તે સંજોગોમાં વાદી કંપનીના સાહેદે આપેલ પુરાવાને ન માનવાને કોઇ કારણ નથી.

**(૭.૧)** આ કામે ઉપસ્થિત મુદ્દાઓના સમર્થનમાં વાદી કંપનીના સાહેદે સરતપાસ ના સોગંદનામાંથી આપેલ જુબાની તથા રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરીએ તો, આ કામે વાદી તરફે પોતાના દાવામાં આ કામના પ્રતિવાદી વેરાવળ તાલુકાના ગોવિંદપરા ગામે રહે છે અને તાલાલા રોડ ગોવિંદપરા મુકામે પેટ્રોપંપ ધરાવે છે. આ પેટ્રોલપંપના ધંધાના હેતુ માટે વાદી કંપની પાસેથી જે તે વખતે વિજ કનેકશન ૨૦૧૩ ની સાલમાં મેળવેલ હતુ. પ્રતિવાદીનો ગ્રાહક નં.૮૧૨૧૫/૦૧૫૬૪ /૦ સી.એલ. છે. આ કનેકશન મેળવતી વખતે તેઓએ સીક્યોરીટી ડિપોઝીટના રૂા.૧૦,૬૫૦/– જમા કરાવેલ હતા. વાદી કંપનીના લેજર ઉપર પ્રતિવાદીના નામનું ખાતુ ખોલવામાં આવેલ છે. પ્રતિવાદીને દર માસે વિજ વપરાશના બીલો નિયમીત રીતે આપવામાં આવેલ છે. પ્રતિવાદીએ ડીસે–૨૩ થી બીલો ભરપાઈ કરવાનું બંધ કરેલ છે. જેથી સપ્ટેમ્બર–૨૦૨૫

ના અંતે પ્રતિ. પાસે રૂા.૨૧,૭૪૧-૯૯ પૈસા ચડત લેણા થયેલ છે અને પ્રતિવાદીનું વિજ જોડાણ તા.૧૭/૩/૨૪ થી કાંપી નાંખવામાં આવેલ છે. પ્રતિવાદી તેનુ સદરહું વિજ કનેકશન ફરી ચાલુ કરાવવા માટે તા.૧/૪/૨૫ ના રોજ વાદી કંપની તરફથી ૩૪૫ ની નોટીસ પણ આપવામાં આવેલ છે. પ્રતિવાદીના ગ્રાહક નં. ૮૧૨૧૫/૦૧૫૬૪/૦ સી.એલ. છે. આ કામે આંક-૦૯ થી પ્રતિવાદીના ખાતાના કંપનીના લેઝરના ઉતારાની ખરી નકલ રજૂ કરેલ છે તે જોવામાં આવે તો તેમાં પ્રતિવાદીનું નામ તથા ગ્રાહક નંબર દર્શાવેલ છે. જેના પરથી આ કામના પ્રતિવાદી વાદી કંપનીના કાયદેસરના ગ્રાહક હોવાનું પુરવાર થાય છે તે સંજોગોમાં **મુદ્દા નં. ૧** નો જવાબ "**હકારમાં**" ઠરાવું છું. આ ઉપરાંત પ્રતિવાદી વીજ બીલની રકમ ભરપાઈ કરતા ન હોય જેથી આંક-૧૦ થી ડીલે પેમેન્જ ચાર્જીસની કેલ્કયુલેશન શીટ તૈયાર કરવામાં આવેલ છે અને આંક-૧૧ થી પ્રતિવાદીને વાદી કંપનીના વિજ વપરાશની બાકી લેણી રકમ માટે નોટીસ આપવામાં આવેલ જે બજી ગયેલ છે. આમ વાદી તરફે રજૂ થયેલ ઉપરોકત દસ્તાવેજી પુરાવો વાદીના દાવાને તથા વાદી સાહેદે આપેલ જુબાનીને સ્પષ્ટપણે સમર્થન કરે છે અને તે મુજબ વાદી કંપનીના પ્રતિવાદી પાસે વીજ વપરાશ બીલના રૂા.૧૪,૪૪૬.૯૪/- પૈ. બાકી નીકળતા હોવાનું ફલિત થાય છે. વાદી કંપની દ્વારા પ્રતિવાદી પાસે સદર રકમની ઉઘરાણી કરવા છતાં પ્રતિવાદીએ વાદીની બાકી રકમ વસુલ ન આપતા વાદી કંપનીએ તેઓના વકીલશ્રી મારફત પ્રતિવાદીને નોટીસ આપેલ જે નોટીસ પ્રતિવાદીને બજી જવા છતાં પણ પ્રતિવાદી દ્વારા સદર વીજ વપરાશ બીલની રકમ વસૂલ આપવા કોઈ દરકાર કરેલ નથી જેથી વાદી કંપનીની સદર રકમ પ્રતિવાદી પાસે બાકી રહેલ છે તે રકમ ભરપાઈ કરવામાં પ્રતિવાદીએ કસુર કરેલ છે. આ ઉપરાંત આ કામે વાદી કંપની તરફથી વીજ બીલની રકમ ઉપરાંત રૂા.૩૩૫૪.૯૫ પૈ. ડી.પી.સી. ડીસેમ્બર-૨૫ સુધીનું માગણી કરેલ છે અને જે અંગે આંક-૧૦ થી ડી.પી.સી. ગણતરી પત્રકની ખરી નકલ રજૂ થયેલ છે જેથી વાદી ડી.પી.સી.ની રકમ મેળવવા હકકદાર હોવાનું જણાય છે. તેમજ વાદી કંપની તરફની પ્રતિવાદીને લીગલ નોટીસ આપવામાં જે નોટીસ પ્રતિવાદીને બજી ગયેલ હોય જેથી વાદી લીગલ નોટીસ ચાર્જની રકમ મેળવવા પણ હકકદાર હોવાનું જણાય છે. વાદીએ દાવાવાળી રકમ તા.૦૧/૦૧/૨૦૨૬ થી સદરહુ રકમ વસુલ થતાં સુધી ૧૫ ટકા લેખે ડીલે પેમેન્ટ ચાર્જીસ અથવા બેન્કના પ્રવર્તમાન નિતિ નિયમો મુજબ વ્યાજની થતી રકમ અપાવવા અરજ કરેલ છે, પરંતુ દાવાનું રેકર્ડ જોતાં જણાય છે કે, વાદી કંપની દ્વારા પ્રતિવાદીનું વીજ કનેકશન કાપી નાખવામાં આવેલ છે. તેમજ વાદી કંપની જયારે વીજ

કનેકશન કાપી નાખેલ હોય ત્યારે વાદી ગ્રાહક પાસેથી ડીલે પેમેન્ટ ચાર્જીસ વસૂલી શકે તેવો કોઈ સ્પષ્ટ પુરાવો વાદી તરફે રજૂ થયેલ નથી, પરંતુ વાદી કંપની જાહેર જન્તાના વિશાળ હિતમાં કામ કરતી સંસ્થા હોય, દિવાની કાર્યરીતી સંહિતા–૧૯૦૮ ની કલમ–૩૪ મુજબ દાવા તારીખથી રકમ વસુલ થતાં સુધી વાર્ષિક ૦૬% ના સાદા વ્યાજ સંબંધે હુકમ કરવો ન્યાયોચિત જણાય **મુદ્દા નં. ૨** નો જવાબ "**અંશત: હકારમાં**" ઠરાવું છું. આ ઉપરાંત આ કામે વાદી પોતાનો દાવો પુરવાર કરવામાં સફળ રહેલ હોય અને આ કામે પ્રતિવાદી તરફે દાવો એક તરફી ચલાવવાનો હુકમ થયેલ હોય પ્રતિવાદી તરફે વાદીના પુરાવાને પડકારેલ ન હોય જેથી વાદી તરફે રજૂ થયેલ પુરાવો નહીં માનવાને કોઈ કારણ જણાતું ન હોય તે સંજોગોમાં વાદી દાવામાં માગ્યા મુજબની દાદ અંશત: મેળવવા હકકદાર બનતા હોય **મુદ્દા નં. ૩** નો જવાબ "**અશંત: હકારમાં**" ઠરાવી **મુદ્દા નં. ૪** નો પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

- આથી વાદીનો દાવો અંશત: મંજૂર કરવામાં આવે છે.
- આ કામના પ્રતિવાદીએ વાદી કંપનીની લેણી રકમ રૂા.૧૪,૪૪૬. ૯૪ પૈ. (અંકે રૂપિયા ચૌદ હજાર ચારસો છેતાળીસ અને ચોરાણુ પૈસા) દાવો દાખલ કર્યા તારીખથી વાર્ષિક ૬% ના સાદા વ્યાજ દરે લેણી રકમ વસુલ થાય ત્યાં સુધી મેળવવા હકકદાર બનતા હોવાનું ઠરાવવામાં આવે છે. તેમજ જો પ્રતિવાદી ઉપરોકત રકમ ચુકવવા માં નિષ્ફળ જાય તો વાદી પ્રતિવાદીની જાત મિલકત તેમજ દરેક પ્રકારની સ્થાવર જંગમ મિલકમાંથી વસુલ મેળવવા હકકદાર રહેશે.
- વાદીને દાવામાં થયેલ ખર્ચ પ્રતિવાદીએ ચુકવવો.
- હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજ તા.૦૮ મી, માહે–એપ્રીલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૮/૦૪/૨૦૨૬
મુ.વેરાવળ.

**(જયશ્રી દિપકકુમાર અમીન)**
પ્રિન્સીપાલ સિનિંયર સિવિલ જજ,
વેરાવળ.
કોડ નં. જીજે૦૦૯૦૫